સમયમર્યાદા / અગત્યનું

ન.મક/આવિ/ / ૪૩૭૫-૪૩૯૬ /૨૦૧૬

મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી
બહુમાળી મકાન સી- બ્લોક, ૬ઠ્ઠા માળે, નાનપુરા, સુરત
ફોન / ફેક્ષ નંબર ૦૨૬૧-૨૪૭૬૧૮૧
E mail ID : vosurat@gmail.com
તારીખ : ૨૦ /૧૦/૨૦૧૬

પ્રતિ
આચાર્યશ્રી તમામ કોલેજો (સુરત શહેર તથા ગ્રામ્ય)
આચાર્યશ્રી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
(સુરત શહેર તથા ગ્રામ્ય)

વિષય :- ઇ-પોર્ટલ હેઠળ રજીસ્ટ્રેશન બાકી હોય તેવી સંસ્થાઓએ માહિતી સાથે અત્રે રૂબરૂ આવવા બાબત તથા ઓન લાઇન ભરાયેલ ફોર્મની આંકડાકીય માહિતી રજુ કરવા બાબત

જયભારત સહ જણાવવાનું કે અનુસૂચિત જનજાતિના ધોરણ-૯-૧૦-૧૧-૧૨ તથા કોલેજ કક્ષાના વિર્ધાથીઓને શિષ્યવૃત્તિના ચુકવણા અંગે ચાલુ વર્ષે ઇ-પોર્ટલ હેઠળ શાળા / કોલેજ અને વિધાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાવવાનું થાય છે અને વિધાર્થીઓના ઓન લાઇન ફોર્મ ભરવાના થાય છે. જે માટેની આખરી તારીખ : ૩૧/૧૦/૨૦૧૬ છે.

જે શાળા / કોલેજ નું રજીસ્ટ્રેશન બાકી હોવાના લીધે વિધાર્થીઓના ફોર્મ ભરતી વખતે શાળા / કોલેજનું નામ દેખાતું ન હોય તેવી શાળા / કોલેજોએ માન્યતા / મંજુરીનો આધાર સ્કેન કરી ૨૦૦ કે.બી સુધીની મર્યાદામાં જે.પી.જી.ફાઇલ બનાવી પેન ડ્રાઇવમાં દિન-૨ માં અત્રે લઇ આવવું. સાથે DISE CODE / AISHE CODE ની વિગત પણ લઇ આવવી જેથી અત્રેથી શાળા / કોલેજના રજીસ્ટ્રેશન માટે કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે આ કામે કોઇ ટેકનીકલ પ્રશ્ન હોય તો અત્રેની કચેરીનો ફોન સંપર્ક કરવો જેથી એન. આઇ. સી.ના અધિકારીનો મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ આઇ.ડી. આપને આપવામાં આવશે.

ઓન લાઇન હેઠળ કેટલા ફોર્મ ભરાયેલ છે તેની વિગત પણ સરકારશ્રીમાં રજુ કરવાની હોય અત્રેની કચેરીના મેઇલ આઇ.ડી. પર દિન-૨ માં રજુ કરવાની રહેશે.

ઉકત બાબતો ધ્યાને લઇ સમયમર્યાદાવાળી ઇ-પોર્ટલ હેઠળની કામગીરી અંગે અંગત ધ્યાન આપી કામગીરી ૧૦૦% પૂર્ણ થાય તેમ કરવા વિનંતી છે.

બિડાણ : માહિતી પત્રકનો નમૂનો

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ – સુરત

નકલ સવિનય રવાના :-
(૧) રજીસ્ટ્રારશ્રી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિર્વર્સીટી સુરત તરફ જાણ તથા જરૂરી સુચના આપવા સારૂ.
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – સુરત તરફ જાણ તથા જરૂરી સુચના આપવા સારૂ.

# વર્ષ ૨૦૧૬-૧૭ માં અભ્યાસ કરતા અનુ સુચિત જનજાતિના વિદ્યાર્થીઓની માહિતી

શાળા / કોલેજનું નામ / સરનામુ ..........................................................................................

આચાર્યશ્રીનો મોબાઇલ નંબર..............................................................

કર્મચારીનો મોબાઇલ નંબર........................................................

શાળા / કોલેજનું ઇ –મેઇલ આઇ.ડી........................................................................................

| અભ્યાસ | અભ્યાસ કરતા આદિજાતિ વિદ્યાર્થીઓની સંખ્યા | આધારકાર્ડ ધરાવતા આદિજાતિ વિદ્યાર્થીઓની સંખ્યા | બેંક એકાઉન્ટ ધરાવતા આદિજાતિ વિદ્યાર્થીઓની સંખ્યા | આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ નું બેંકમાં સીડીંગ ધરાવતા આદિજાતિ વિદ્યાર્થીઓની સંખ્યા | ઇ – પોર્ટલ હેઠળ રજીસ્ટ્રેશન થયેલ આદિજાતિ વિદ્યાર્થીઓની સંખ્યા | ઓનલાઇન ભરાયેલ વિદ્યાર્થીઓના ફોર્મની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ધો-૯ | | | | | | |
| ધો-૧૦ | | | | | | |
| ધો-૧૧ | | | | | | |
| ધો-૧૨ | | | | | | |
| કોલેજ પ્રથમ વર્ષ | | | | | | |
| કોલેજ બીજુ વર્ષ | | | | | | |
| કોલેજ ત્રીજુ વર્ષ | | | | | | |
| કોલેજ ચોથુ વર્ષ | | | | | | |

સ્થળ :- સહી:-

તારીખ:- સિક્કો:-